

તાનારીરી મહોત્સવ - ગુજરાતી અસ્મિતાના અમર પાત્રો એટલે તાનારીરી.... તાનારીરીની કથાથી સૌ ગુજરાતીઓ અવગત છીએ... પરંતુ તાનારીરીની ખુમારી અને ખમીરી પ્રતિવર્ષ કારતક સુદ-૯ના દિવસે પ્રત્યેક ગુજરાતીના માનસપટ પર તાજી થાય એવા હેતુસર રાજ્ય સરકાર શાસ્ત્રીય સંગીતના સમારોહના માધ્યમથી શ્રુતિ કાર્યક્રમ યોજે છે... તાનારીરી મહોત્સવની પૂર્વસંધ્યાએ વડનગરને રંગબેરંગી રોશનીથી ઝળહળા કરાયું હતું... આ ઉપરાંત સમારોહના સ્થળને પણ અલગ-અલગ રોશનીથી શણગારાયું છે... તાનારીરીના સમાધી સ્થળને પણ અલગ રીતે શણગારાયું છે...

# સેવા સેતુના પાંચમા તબક્કામાં નબળો પ્રતિસાદ

## આજે મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાનો મુદ્દો

ગાંધીનગર, તા. ૫

સેવાસેતુના પાંચમા તબક્કામાં મળી રહેલા નબળા પ્રતિસાદથી રાજ્ય સરકાર ચોંકી ઉઠી છે અને આજે મળનાર રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ મુદ્દે ખાસ ચર્ચા કરવામાં આવશે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે સરકારે દરેક જિલ્લામાં અત્યાર સુધી યોજેલા સેવાસેતુના કાર્યક્રમો અને તેમાં લોકોની હાજરી તેમજ લાભાર્થીઓની સંખ્યા તેમજ કેટલા વિસ્તારને આવરી લીધો તે સહિતની નાનામાં નાની વિગતો સાથેનો અહેવાલ માંગ્યો છે.

શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે નબળો પ્રતિસાદ સાંપડ્યો છે તેથી ચોંકી ઉઠેલી સરકારે આ બાબતે કઈ યોજનાના લાભાર્થીઓ અને તેની સંખ્યા પણ માંગી હોવાથી ગંભીર બનેલી સરકાર આ બાબતે કોઈક ચોક્કસ નવી સૂચનાઓ જારી કરશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે દસથી વધારે યોજનાના લાભાર્થીઓ કોઈ કેમ્પમાં નોંધાયા નથી. રાજ્ય સરકારે જિલ્લાઓમાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાન અંગે પણ સમીક્ષા કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીના અધ્યક્ષપદે મળનારી મંત્રીમંડળની આ બેઠકમાં તંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે પણ કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે તેવી સંભાવનાઓ સચિવાલયના સૂત્રોમાંથી સાંપડી છે.

આ ઉપરાંત પ્રભારી મંત્રીઓ પણ સેવાસેતુના કાર્યક્રમમાં સતત હાજર રહે એટલુ જ નહિ પ્રભારી સચિવો પણ આ કાર્યક્રમમાં હાજરી આપે એટલુ જ નહિ તેઓ અલગથી પોતાનો અહેવાલ સરકારને આપે તેવો આગ્રહ આજની બેઠકમાં કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

રાજ્યમાં દિપાવલી પર્વ પછી આજે મળનાર રાજ્યમંત્રી મંડળની પ્રથમ બેઠકમાં સેવાસેતુના આ પાંચમા તબક્કા દરમ્યાન ઉદાસીનતા એ ચિંતાનો મુદ્દો બની ઉભરી છે. કોઈપણ કાર્યક્રમની અધવચ્ચે જ સમીક્ષા કરવાની સરકારને ફરજ પડી હોય તેવી આ પ્રથમ ઘટના છે. શહેરી અને ગ્રામ્યસ્તરે તંત્ર દ્વારા આ કાર્યક્રમના અમલને લઈ જન જાગૃતિ માટે શુ ઉપાયો કરાયા તેની પણ ચર્ચા થશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં ડેન્ગ્યુથી આશાસ્પદ શિક્ષિકાનું શંકાસ્પદ મોત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુથી વધુ એક દર્દીનું મોત નીપજ્યુ છે જો કે તંત્ર આ મોત ડેન્ગ્યુને કારણે નહિ પણ કાર્ડિયાક એરેસ્ટથી થયાનું તેની પ્રાથમિક તપાસનું તારણ હોવાનું જણાવી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧ની ૩૨ વર્ષીય મહિલાને ડેન્ગ્યુ

**શહેરમાં મૃત્યુઆંક ૩ પર પહોંચ્યો શહેરમાં ડેન્ગ્યુના કેસો ૪૦૦નો આંક પાર કરી ગયા : તંત્રએ કામગીરી સઘન બનાવી**

હતો અને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા. જ્યાં દિપાવલીના દિવસોમાં તેમની તબિયતમાં સુધારો થતાં રજા લીધી હતી પરંતુ પાછી તેમની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં પુનઃ દાખલ કરાયા હતા જ્યાં આજે સવારે તેમનુ દુઃખદ અવસાન થયુ છે.

શહેરની કલા અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે સંકળાયેલ અગ્રણીના પરિવારમાં આ મોત થતાં સમગ્ર શહેરમાં વાયુવેગે વાત પ્રસરી જવા પામી હતી. તંત્ર પણ હરકતમાં આવ્યુ છે.

ડેન્ગ્યુના કારણે આ ત્રીજુ મોત શહેરમાં થયુ છે. હમણાં થોડા દિવસ પહેલાં સે. ૨૨માં એક આશાસ્પદ તેજસ્વી યુવાનનું ડેન્ગ્યુને લીધે મોત થયુ હતુ અને એ પહેલાં સે. ૨૩ની એક મહિલાનું મોત થયુ હતુ. તંત્રને ગઈકાલે જ જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ વાહકજન્ય રોગચાળાને લઈ ટપાર્યુ હતુ જે નોંધનીય છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો ૪૦૦ને પાર કરી ગયા છે. આજે પણ ડેન્ગ્યુના કેસો શહેરમાંથી મળી આવ્યા છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ ઉપરાંત ફોગીંગ કરવામાં આવી રહ્યુ છે તેમજ એન્ટી લારવેલની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે.

આ વખતે વરસાદ વધુ પડ્યો હોવાથી તેમજ પાણીના નિકાલની પુરતી યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ રહેતાં

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના અગ્રણી રમેશ પટેલના પુત્રવધુ સોનલ પટેલનું અવસાન



ગાંધીનગર, તા. ૫

શહેરના અગ્રણી પ્રિન્ટર, કેપીટલ ઓફસેટના માલિક અને સંસ્કૃતિ સંસ્થાનાં પ્રમુખ રમેશભાઈ પટેલના પુત્રવધુ શ્રીમતી સોનલ મેહુલ પટેલનું ટૂંકી માંદગી બાદ આજે મંગળવારે સવારે દુઃખદ અવસાન થયું છે.સોનલ પટેલ ઉત્તમ ગૃહિણી હોવાના ઉપરાંત રાયસણ મુકામે ચાલતી 'કિડસ'જી'નામની બાળકો માટેની પૂર્વ પ્રાથમિક સ્કૂલનું સફળતાપૂર્વક સંચાલન કરતાં હતા.

# મહા વાવાઝોડાને પગલે આગામી બે દિવસ જિલ્લામાં વરસાદ થશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં આવી રહેલ મહા વાવાઝોડાને પગલે ગાંધીનગર જિલ્લામાં પણ સાત અને આઠ નવેમ્બર દરમ્યાન હળવાથી ભારે વરસાદ થવાની આગાહી કરાઈ છે.

સરદાર કૃષિ યુનિ.ના પૂર્વાનુ હવામાન અને કૃષિ માર્ગદર્શન માટે બહાર પડાયેલ અંક નં. ૫૪માં આ આગાહી દર્શાવવામાં આવી છે.

આ બુલેટીનમાં સ્પષ્ટ જણાવાયુ છે કે આગામી પાંચ દિવસ સુધી આકાશ વાદળછાયુ રહેશે અનો હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ૬ નવેમ્બરથી ૧૧ નવેમ્બર સુધીનું પૂર્વાનુમાન દર્શાવતા આ બુલેટીનમાં ૭મીએ અડધા ઈંચથી વધારે તેમજ ૮મીએ એક ઈંચથી વધુ જિલ્લામાં વરસાદ થશે તેવી આગાહી દર્શાવવામાં આવી છે.

આ બુલેટીનમાં મહત્તમ તાપમાન ૩૦ થી ૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ થી ૨૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૦ થી ૮૨ ટકાની વચ્ચે રહેશે જ્યારે પવનની ગતિ ૩ થી ૧૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. મહા વાવાઝોડાને પગલે તંત્રને ગઈકાલે જ સાબદા રહેવાની તાકીદ કરાઈ છે. આ માટેની તૈયારીઓની સમીક્ષા જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે કરવામાં આવી હતી.

જિલ્લામાં કમોસમી વરસાદ પછી પણ ગરમીમાં ઘટાડો થવાના સંકેત મળતા નથી જેને લઈ જિલ્લાવાસીઓની ઉંઘ ઉડી જવા પામી છે. જો કે હવામાન વિભાગના સૂત્રોનું માનીએ તો શિયાળાનુ આગમન ૧૫મી નવેમ્બરથી શરૂ થશે. જિલ્લામાં આ ચોમાસા દરમ્યાન ત્રણ તાલુકામાં ૧૦૦ ટકા કરતાં વધુ વરસાદ થઈ ચુક્યો છે.

## કચ્છમાં વધુ બે ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૫

વાવાઝોડા મહાના કારણે આજે કચ્છમાં આજે સતત બીજા દિવસે ધોધમાર અને વીજળીની કડાકા ને ભડાકા વચ્ચે તોફાની વરસાદ વરસ્યો હતો. કચ્છ જિલ્લાના સરહદી વિસ્તાર દયાપર, લખતર સહિતના પંથકોમાં બપોરબાદ વીજળીના કડાકા ભડાકા સાથે બે ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે ગામનું તળાવ ઓવરફલો થયું હતું.


## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

**બેંકના તમામ ગ્રાહકો જોગ- નવા મકાનમાં પ્રવેશ બાબતે**

બેંકના સર્વે માનવંતા ગ્રાહકોને તેમજ ખાસ કરીને સેક્ટર-૨૧ થી ૩૦ના ગ્રાહકોને જણાવવાનું કે તા. ૧૧/૧૧/૨૦૧૯ને સોમવારના રોજથી હાલમાં સેક્ટર-૨૭ ખાતે પ્લોટ નં. ૨૩૭, આનંદનગર ખાતે કાર્યરત શાખા નવા મકાનમાં એટલે કે દુકાન નં. ૬, પ્લોટ નં. ૫૫૨, ડીસ્ટ્રીક્ટ શોપીંગ, અપના બજારની બાજુમાં, સેક્ટર-૨૪ ખાતે આવેલા મકાનમાં રાબેતા મુજબ કાર્યરત થશે. જેની સર્વે ગ્રાહકોને જાણ કરવામાં આવે છે.

**ગેસ બીલ કલેક્શન :**

તમામ ગ્રાહકોને જણાવવાનું કે, ગેસ બીલ કલેક્શન સેવાઓ પણ નવા સરનામે સ્વીકારવાનું કામકાજ ચાલુ રહેશે તેની પણ નોંધ લેવા વિનંતી.

ગાંધીનગર
તા. ૫/૧૧/૨૦૧૯

લિ.
મેનેજીંગ ડિરેક્ટરશ્રી




શહેરના સેકટરોમાં સફાઈના અભાવે નજર નાંખો ત્યાં કચરાના ઢગ ખડકાયેલા છે. કચરાપેટીઓમાંથી પણ નિયમિત રીતે કચરો ખાલી ન થતા ડસ્ટબીન જ ગંદકીનુ ઉદભવ સ્થાન બની છે. સે-૫ ડી માં કારડીયા શાળા પાસે જ ગંદકીના ઢગ ખડકાયા છે. નજીકમાં સ્થિત જગ્યામાં સ્થાનિકો ડમ્પીંગ સાઈટની જેમ કચરો ઠાલવતા ગંદકીની સમસ્યા જટીલ બની છે.

# શહેરમાં કરોડોના ખર્ચે બનાવેલી ફુટપાથને ગાબડા ભરખી ગયા

## ફુટપાથના નિર્માણ બાદ જાળવણીના નામે મીંડુ વોક વે પર ઠેર ઠેર ગાબડા પડયા સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે ફુટપાથની દશા વધુ બગડી

ગાંધીનગર તા ૫

શહેરમાં ચોમાસાના અંતે પણ હજુ માર્ગ સુધારણાની કામગીરી શરૂ થઈ નથી. સેકટરોમાં માર્ગોના મંજુર થયેલા કામ પણ ઘોંચમાં પડયા છે. સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની કામગીરી હજુ સુધી હાથ ધરવામાં આવી નથી. જયારે આ ઉપરાંત જુના સેકટરોમાં આંતરિક રસ્તાના કામો અન્વયેની દરખાસ્ત પણ હજુ વિભાગના ચોપડે પેન્ડીંગ છે. વિભાગ કક્ષાએથી આ દરખાસ્તને મંજુરી ન અપાતા કામગીરી અટવાઈ છે. બીજીતરફ રસ્તાની સાથે સેકટરોમાં નિર્માણ કરાયેલી ફુટપાથની પણ દશા બેઠી છે વરસાદી દિવસોમાં નવ નિર્મિત ફુટપાથનુ ધોવાણ થયા બાદ હજુ સુધી ફુટપાથને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરાઈ નથી. સે-૨૬ સહીત ગ માર્ગ પર ફુટપાથમાં હજુ ગાબડા યથાવત છે. ફુટપાથના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા લાંબા સમયના અંતે કોઈ સર્વે કે અભ્યાસ હાથ ધરી આયોજન મુજબ કામગીરી કરવામાં આવી નથી. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ ફુટપાથના રીપેરીંગ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો પરંતુ ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ હજુ યથાવત છે. કેટલાક ઠેકાણેથી વોક વે બેસી ગયો છે. ફુટપાથના કર્બીંગ પરનો કલર પણ નિકળી ગયો છે.

જયારે કેટલાક ઠેકાણે તુટેલી ટાઈલ્સો પણ વોકીંગ કરનારાઓ માટે અડચણરૂપ બની રહી છે. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા સ્ટોર્મ વોટર લાઈનના પ્રોજેકટની ખોદકામગીરી પણ ફુટપાથ માટે જોખમી પુરવાર થઈ છે. જેના લીધે ફુટપાથને અનેક ઠેકાણે નુકશાન થયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# ફોર વ્હીલરની નવી સીરીઝ માટે ઈ-ઓકશનમાં આર ટી ઓને ૨૦.૧૯ લાખની આવક

## ચાર એકડા માટે રૂ ૧.૮૫ લાખ ચુકવાયા : વાહનચાલકોમાં જીજે ૧૮ના રૂઆબદાર પાસિંગ સાથે પસંદગીના નંબરનો અનોખો ક્રેઝ

ગાંધીનગર તા ૫

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરની નવી સીરીઝ મુજબ પસંદગીના નવા નંબરોની હરાજી માટે અગાઉ ઓન લાઈન અરજીઓ મંગાવામાં આવી હતી. મોટરકારની નવી સીરીઝ બી એમ માટે ઓનલાઈન હરાજી કરવામાં આવી હતી. આ હરાજી અન્વયે કુલ ૨૨૭ નંબરો માટે વાહનમાલિકો દ્વારા અરજી કરવામાં આવી હતી. જયારે આ પૈકી ૧૦ અરજીઓ ગેરલાયક ઠરી

● અનુસંધાન પાન-૭ પર


**Wish you Happy Diwali and Prosperous New Year**

Kanubhai S. Shah 99250 12486 94260 02486
Rakeshbhai K. Shah 98253 22958
Setalbhai K. Shah 99251 33139 98240 33139

**SHREE VINAY TRADERS**
**SHREE KOTIYARK TRADERS**

: Distributors :
- Ambuja Cement
- Kamdhenu Steel
- Aggragates
- Transpotation

Ambuja PLUS ROOF SPECIAL

B/2, Dist. Shopping Centre,
Sector-21, Gandhinagar-382021
Telephone : (O) (079) 232 45026, (079) 232 22151
Email : dhairyashah95@yahoo.com

**SHREE SHETAL TRADERS**

KAMDHENU STEEL — Ambuja PLUS COOL WALLS

Bulk Inquire
98795 22958
97277 12486
Retail Inquire
99250 22151
99250 22154
Email :
shetalcement@gmail.com

Residence :
Plot No. 749, Panchshil Park, Sector-21, Gandhinagar

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com